CAREERINDIA

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | **Section – A (Advanced Reading Skill)** | |
| ૧ | | **ગદ્યસમીક્ષાના ઉત્તરો :**<br>- દરેક સાચા ઉત્તરનો બે ગુણ<br>- જોડણી, વિરામચિહ્નો અને વ્યાકરણની સામાન્ય ભૂલો માટે ગુણ કાપવામાં આવશે નહીં.<br>(૧) માનવજીવનમાં ક્યો સંઘર્ષ ચાલી રહ્યો છે ? શા માટે ?<br>જ. માનવજીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંઘર્ષ સનાતન કાળથી ચાલ્યો આવે છે કારણ કે પ્રારબ્ધવાદીઓ અને પુરુષાર્થવાદીઓના મંતવ્યો અલગ અલગ છે. દરેક મનુષ્ય પણ એવું જ માને છે કે મારો મત જ સાચો છે, પણ એ તાર્કિક નથી. એ સંઘર્ષના પરિણામે આજ સુધી અનેક મહાનુભાવો મૂંઝવણમાં મૂકાયા છે.<br>(૨) લેખકને મતે નસીબને આધારે કઈ કઈ વસ્તુઓ છે? કઈ રીતે?<br>જ. માનવજીવનમાં આવતી ચડતી-પડતી, સફળતા-નિષ્ફળતા, સુખ-દુઃખ એ નસીબને આધારે છે. 'વિધિના લેખ પર કોઈ મેખ નથી મારી શકતું', 'નસીબ વિના ન ફળે દરિયો કે દરબાર' એમ પ્રારબ્ધવાદીઓ માને છે. એમના મતે નસીબ જ સાચું છે.<br>(૩) પુરુષાર્થવાદીઓની વિચારસરણી કેવી છે? શા માટે?<br>જ. માનવી પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે' એવી વિચારસરણી પુરુષાર્થવાદીઓ ધરાવે છે. તેઓ માને છે કે 'પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે.' પુરુષાર્થ કરવાથી જ માનવી સુખ,સંપત્તિ ને સત્તાના સર્વોચ્ચ શિખર સર કરી શકે છે.<br>(૪) 'પુરુષાર્થ જીવનની સફળતાનો રાજમાર્ગ છે'.- સમજાવો.<br>જ. વિશ્વની મહાન સિદ્ધિઓ પુરુષાર્થનું જ પરિણામ છે. જગતના મહાન નેતાઓ, વૈજ્ઞાનિકો, તત્વચિંતકો પુરુષાર્થથી જ અમર કીર્તિ મેળવી શક્યા છે. જગતની મહાન શોધો પુરુષાર્થનો જ પરિપાક છે. ગાંધીજી પુરુષાર્થનું જીવંત પ્રતીક બન્યા ને મહાસત્તાને નમાવી. મહાન વિભૂતિઓના જીવન એટલે પુરુષાર્થની તવારીખ. માત્ર પુરુષાર્થ કરવાથી બધુ મળતું હોત તો જગતમાં સરખી મહેનત કરનારા બધા જ સરખા હોત. પણ એમ બનતું નથી. પુરુષાર્થ સાથે દીર્ઘદૃષ્ટિ હોવી જરૂરી છે.<br>(૫) પ્રારબ્ધ અને પુરષાર્થ એકબીજાના પૂરક કેવી રીતે બની શકે?<br>જ. કવિ રાજેન્દ્ર શાહના 'આપણાં ઘડવૈયા બાંધવ આપણે' કાવ્યમાં મહેનતના મૂલ્યની સાથે સાથે આપણામાં પારસમણિ જેવી શક્તિઓ છે, જેને બહાર કાઢવાની ગુરુચાવી પણ આપણે જ છીએ. એ સમજાવીને જીવનઘડતરની સીખ આપી છે. આમ, પ્રારબ્ધ અને પુરુષાર્થ એક બીજાના પૂરક છે. આજનો પુરુષાર્થ આવતી કાલનું પ્રારબ્ધ બની શકે છે. નસીબના ખજાનાને ખોલતી ચાવી છે. | **2 × 5 = 10** |

www.careerindia.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | **Section – B (Effective Writing Skill)** | |
| ૨. | અ. | **અહેવાલ લેખન**<br>- વિષયના અનુસંધાનમાં વિષયવસ્તુની રજૂઆત<br>- જોડણી શુદ્ધિ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી<br>**ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને લેખ લખવો.**<br>- વિષયવસ્તુ ૩<br>- ભાષા શુદ્ધિ ૩ | **6 × 1 = 6** |
| | બ. | **પત્રલેખન**<br>- પત્રલેખનમાં સ્વભાવિકતા જરૂરી<br>- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી<br>- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક તથા સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી<br>- સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા<br>**ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો :**<br>- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method)નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન કરવું.<br>- સરનામું (બંને સરનામા) અને તારીખ ૧.૫<br>- સંબોધન અને અભિવાદન ૧<br>- વિષય વસ્તુ અને ભાષાશુદ્ધિ ૨.૫<br>- સમાપન, લિખિતંગ ૧ | **6 × 1 = 6** |
| | ક. | **નિબંધ લેખન**<br>- વિષયની પસંદગી<br>- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ<br>- કાવ્યપંક્તિ, સુભાષિત કે અવતરણ આવકાર્ય<br>- વિષયાંતર ન થાય તેની કાળજી<br>- સુંદર, સુવાચ્ય અક્ષરો, જોડણી શુદ્ધ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી<br>**ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નિબંધ લખવો :**<br>- પ્રસ્તાવના ૧<br>- વિષયવસ્તુ ૩<br>- ભાષા અભિવ્યક્તિ ૧<br>- ભાષા શુદ્ધિ અને વાક્ય રચના ૨<br>- ઉપસંહાર ૧ | **8 × 1 = 8** |

www.careerindia.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | **Section – C (Applied Grammar)** | |
| ૩. | અ | **સૂચના પ્રમાણે કરો.**<br>(૧) નિષેધ વાક્ય : હેમચંદ્રને પોતાની લેખનશક્તિ પર જરા પણ અવિશ્વાસ ન હતો.<br>(૨) પ્રશ્ન વાક્ય : વસ્ત્ર હોય કે શરીર તેની જીર્ણતાને ક્યાં નિવારી શકાય છે?<br>(૩) ઉદ્દગાર વાક્ય : માતૃભાષાનું તેને કેવું ગૌરવ હતું ! | **1 × 3 = 3** |
| | (બ) | **નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો.**<br>(૧) નિઃસ્તબ્ધ = નિઃ + સ્તબ્ધ<br>(૨) સુપ્રતિષ્ઠિત = સુ + પ્રતિ + સ્થિત<br>(૩) સજ્જન = સત્ + જન | **1 × 3 = 3** |
| | (ક) | **લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ વાક્ય સુધારો.**<br>(૧) રાજનંદિનીના શણગારને શરમાવે તેવો આ પ્રકૃતિનો શણગાર !<br>(૨) સત્યની શોધ એ પરમાત્માની પ્રસાદી અને માનવીની કસોટી છે.<br>(૩) પાંચ પાંચ વરસ નિમકહલાલ સેવા બજાવી તો યે સૂબેદારના મનમાં મારા માટે અવિશ્વાસ. | **1 × 3 = 3** |
| | (ડ) | **(૧) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ :**<br>(૧) મોં ફેરવી લેવું - અણગમો બતાવવો ૦.૫<br>વાક્ય: તલકચંદ શેઠને ધંધામાં મોટું નુકસાન થતાં સગાસંબંધીઓએ મોં ફેરવી લીધું. ૦.૫<br>(૨) બે પાંદડે થવું - આર્થિક પરિસ્થિતિ સુધરવી ૦.૫<br>વાક્ય: એંજિનિયર થયા બાદ મનોજ બે પાંદડે થયો. ૦.૫<br>(૩) દિલમાં મેલ રાખવો - મનમાં કપટ રાખવું ૦.૫<br>વાક્ય: દિલમાં મેલ રાખનાર મહેશ મિત્રોમાં અપ્રિય બન્યો. ૦.૫ | **1 × 3 = 3** |
| | | **(૨) કહેવતનો અર્થ લખો :**<br>(૧) ચોર કોટવાળને દંડે - ગુનો કરનાર જ ન્યાય આપનારને સજા આપે. ૧<br>(૨) પાણી પહેલા પાળ બાંધવી - મુશ્કેલી આવી પડે એ પહેલા તૈયારી કરી રાખવી. ૧<br>(૩) પારકી મા જ કાન વીંધે - જેની સાથે લાગણીનો સંબંધ ન હોય એ વ્યક્તિ જ કષ્ટદાયક કેળવણી આપી શકે. ૧ | **1 × 3 = 3** |
| | (ઇ) | **સૂચના પ્રમાણે કાળ બદલો.**<br>(૧) મીરાંનો કૃષ્ણપ્રેમ દિવ્ય હતો. (સાદો વર્તમાનકાળ)<br>જ. મીરાંનો કૃષ્ણપ્રેમ દિવ્ય છે. ૧<br>(૨) આકાશમાંથી અગ્નિ વરસે છે. (ચાલુ વર્તમાનકાળ)<br>જ. આકાશમાંથી અગ્નિ વરસી રહી છે. ૧<br>(૩) શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા. (સાદો ભૂતકાળ)<br>જ. શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. ૧ | **1 × 3 = 3** |

www.careerindia.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | (ઈ) | **(૧) રેખાંકિત અનુગને સ્થાને નામયોગી મૂકો.**<br>સાંજ પડતાં પક્ષીઓ માળામાં પાછા ફર્યા.<br>જ. સાંજ પડતાં પક્ષીઓ માળાની અંદર પાછા ફર્યા. ૧<br>**(૨) નામયોગીના સ્થાનો અનુગ મૂકો.**<br>મંદિર કિનારાના એક ઊંચા ટેકરા પર આવેલું છે.<br>જ. મંદિર કિનારાના એક ઊંચા ટેકરે આવેલું છે. ૧ | 1 × 2 = 2 |
| | | **Section - D (Literature)** | |
| ૪. | (અ) | **ગદ્યસમીક્ષા - દરેક સાચા ઉત્તરનો એક ગુણ**<br>- જોડણી, વિરામચિહ્નો અને વ્યાકરણની સામાન્ય ભૂલો માટે ગુણ કાપવામાં આવશે નહીં.<br>**ગદ્યસમીક્ષાના પ્રશ્નોના ઉત્તરો -**<br>(૧) બાલ્યકાળના સુખની લેખક શી કલ્પના કરે છે ?<br>જ. જો નિશાળ ન હોત તો બધાંના બાળપણનો કાળ સુખમાં જ ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ. તો બાળકોને મુક્તપણે રમવાનો સમય મળે.<br>(૨) કયા સવાલનો જવાબ લેખકને નિશાળમાં ક્યારેય મળ્યો નથી ?<br>જ. રોજ પ્રાર્થના કરવા છતાં ભગવાન બાળકોની ઈચ્છા પ્રમાણે આપવામાં આપણાં પર આટલો ક્રૂર કેમ થાય છે ? આ સવાલનો જવાબ લેખકને નિશાળમાં ક્યારેય મળ્યો નથી.<br>(૩) લેખકના મતે કેવું શિક્ષણ આપવું જોઈએ ?<br>જ. કેરી પીળી કઈ રીતે થાય ? નાળિયેરમાં મીઠું પાણી કોણ રેડે ? ગર ભરેલી આમલી ઝાડ પર કઈ રીતે તૈયાર થાય ? આખો દિવસ આપણે ગીત ગાતાં રહીએ તો શું થાય ? આવા પ્રશ્નોના ઉત્તર આપી શકે એવું શિક્ષણ નિશાળમાં આપવું જોઈએ.<br>(૪) લેખક ભગવાન વિશે શું વિચારે છે ?<br>જ. લેખક એવું માને છે કે જૂનું ગણિત ભણેલા ભગવાને મૌખિક હિસાબના જવાબ લેખકના કાનમાં, ધીમેથી આવીને કહી જવા જોઈએ. તેમના વર્ગના વિનાયક દેસાઈ, દીનું અને મોહન વાગળેને તો ચોક્કસ એ જ જવાબ કહી જતો હશે.<br>(૫) લેખક ભગવાનને શી પ્રાર્થના કરે છે ?<br>જ. જોગેશ્વરીના રામેશ્વર મંદિરમાં ઘંટ વગાડીને, ભગવાનનું બરાબર ધ્યાન ખેંચીને, સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કરી, 'ભગવાન મને ગણિતમાં પાસ કર. પુરવણી પર શાહી ઢોળવા દઈશ નહિ, એવી પ્રાર્થના લેખક કરતાં. | 1 × 5 = 5 |

www.careerindia.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | (બ) | **પૂર્વાપર સંબંધ આપો.** | **2 × 4 = 8** |
| | | (૧) 'કુસુમ હાંલ્લીને અડવા બાબતે સુંદરને અટકાવે છે.' | |
| | | જ. આ વાક્ય ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત 'કુસુમનું કઠણ તપ' પાઠમાંથી લેવામાં આવ્યું છે. સુંદર કુસુમને શોધતી વાડીમાં આવે છે. કુસુમે ધારણ કરેલો માલણનો વેશ અને ચૂલા પર ખીચડી બનાવતી જોઈને સુંદર આવો વેશ કાઢવાની ના પડે છે. જો નહીં માને તો વડીલોને જાણ કરવાનું કહે છે. કુસુમને કોઈનો ભય નથી એવું કહે છે. પિતાજી તેને વઢવાના નથી એની એને ખાતરી પણ છે. સુંદર ખીચડીની હાલ્લી લેવા જાય ત્યારે કુસુમ અપરસમાં છે એમ બહાનું કાઢે છે. | |
| | | (૨) નારાયણ હેમચંદ્ર કાર્ડિનલ મેનિંગને મળવા ગયા. | |
| | | જ. આ વાક્ય મહાત્મા ગાંધી લિખિત 'નારાયણ હેમચંદ્ર' પાઠમાંથી લેવામાં આવ્યું છે. કાર્ડિનલ મેનિંગે હડતાલમાં જે સરાહનીય કામ કર્યું હતું એનો ઉપકાર માનવા નારાયણ હેમચંદ્ર ગાંધીજી સાથે તેમને મળવા ગયા હતા. સાધુપુરુષોના દર્શનનો એમણે રિવાજ રાખ્યો હતો. આ સાંભળી મેનિંગ રાજી થયા. એમણે કહ્યું ઉમેદ રાખું છું તમને અહીંનો વસવાટ અનુકૂળ આવશે અને અહીંના લોકોની તમે ઓળખાણ કરશો. ઈશ્વર તમારું ભલું કરે. | |
| | | (૩) જણસો ઉતારીને દાબડામાં મૂકી દેવાની વાત વજેસંગ અને દલભાઈને અપમાન જેવી લાગી. | |
| | | જ. આ વાક્ય ઈશ્વર પેટલીકર લિખિત 'મોરનાં ઈંડા' નવલિકામાંથી લેવામાં આવ્યું છે. વજેસંગ અને દલભાઈ ગાડીવાન હતા. તેઓ બહાદુર અને વિશ્વાસુ હતા. તેઓ સાથે હોય તો લૂંટાવવાનો ભય ન રહેતો એવી એમની હાંક હતી. પણ માણેક મનીમ ડરપોક હતા. વળી રસ્તો ખૂબ જોખમ ભરેલો હતો માટે કબુની સલામતી માટે માણેક મુનીમે જણસોને ઉતારીને દાબડામાં મૂકી દેવાનું કહ્યું. આ સાંભળીને વજેસંગ અને દલભાઈને અપમાન જેવુ લાગ્યું. | |
| | | (૪) 'બિસ્મિલ્લાખાંને મામાએ ખૂબ માર્યા.' | |
| | | જ. આ વાક્ય 'બિસ્મિલ્લાખાં' પાઠમાંથી લેવામાં આવ્યું છે. બિસ્મિલ્લાખાન અઢી વર્ષના હતા ત્યારે તેમની માતાનું અવસાન થઈ ગયું હતુ. તેઓ મામાને ઘેર જ ઉછર્યા. છોકરાઓની ફરિયાદને કારણે માસ્તરે ખૂબ માર્યો તેથી ભાગીને ઘેર આવ્યા, અને શાળાએ જવાની ના પાડી દીધી. મામાના આગ્રહ અને દબાણને કારણે તેમને રોજ શાળાએ મોકલતા. પણ તેઓ શાળાએ જવાને બદલે ગામમાં ભટકવા નીકળી પડતાં. એક દિવસ એક છોકરો ઘણાં દિવસોની ગેરહાજરીનું કારણ જાણવા ઘેર આવ્યો ત્યારે | |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | ચોરી પકડાઈ. સાંજે ઘેર આવ્યા ત્યારે મામાએ શાળાએ ન જવા અને જૂઠું બોલવાના આરોપસર ખૂબ માર્યા.<br>(૫) 'ચિરાયુનું રેશમી વસ્ત્રસાંધી શકાયું નહીં'.<br>જ. આ વાક્ય સુરેશ જોશી લિખિત 'થીગડું' વાર્તામાંથી લેવામાં આવ્યું છે. ચિરાયુએ તરછોડેલી રાણીએ રાજારાણીની સામે આત્મહત્યા કરી. તેથી રાજારાણીના મનમાં ચિરાયુ વિશે ખરાબ વિચાર આવ્યો. ચિરાયુના વસ્ત્રમાં તરત જ કાણું પડયું. સિદ્ધપુરુષના કહેવા પ્રમાણે એ કાણાંને સાંધવા એક ટાંકા માટે એક વર્ષ પાપ વિનાનું કોઈ આપે તો એક ટાંકો ભરાય પણ પાપ વિનાના વર્ષો કોઈ પાસે ન હતા. તેથી વસ્ત્ર સાંધી ન શકાયું. | |
| | (ક) | **વિસ્તૃત ઉત્તર**<br>(૧) અખો શા માટે સંસારત્યાગ કરે છે? એની મનઃસ્થિતિ વર્ણવો.<br>જ. આપણાં સુપ્રસિદ્ધ મધ્યકાલીન જ્ઞાની કવિ અખાના જીવન વિશે પ્રચલિત દંતકથાને આધારે લેખક ચંદ્રવદન મહેતાએ 'અખાનો સંસારત્યાગ' ચરિત્ર નાટક લખ્યું - અખાના જીવનના વળાંકરૂપ સંસારત્યાગના પ્રસંગ - અખાના ઉદાત્ત વ્યક્તિત્વને સુપેરે ચિત્રાંકન - ઘણી મુસીબતો અને અપમાનનો સામનો - અખાના પાડોશમાં રહેતા જમાનાબેન - અખો ધર્મભગિની માનતો - જમનાબેન અખાને સગોભાઈ માનતી - લોકોએ અખા વિરુદ્ધ જમાનાબેનને ઉશ્કેર્યો - જમા કરેલા રૂપિયા કઢાવવા કંઠી બનાવડાવી - અખા પરના અવિશ્વાસને કારણે ચોકસી પાસે ખરાઈ કરાવવી - અખાને પાખંડથી ભરેલી આ દુનિયાની સચ્ચાઈની જાણ - પાંચ-પાંચ વર્ષ આટલી નિમકહલાલ સેવા બજાવી તોય સૂબેદારના મનમાં અવિશ્વાસ - માયાની ઈન્દ્રજાળ - જુદા જુદા વેશ, ચિત્રવિચિત્ર પ્રપંચ લીલા, - માણસને મર્કટની જેમ નચાવે - સોનું ઘડયું ત્યારે આળઆવ્યું - સંસાર અસાર - અખાને સંસાર પર વિરક્તિ - સંસાર ત્યાગ.<br>(૨) પૂંજામેજરની નિઃસ્વાર્થ પરાયણતા વિષે ટૂંકનોંધ લખો.<br>જ. જોસેફ મેકવાન લિખિત 'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધમાં મનુષ્યના વેશ નહિ, કિન્તુ તેના મન વૃત્તિ બદલવા, કેવળ નામ નહિ, કામ બદલવા એ પૂંજા મેજરના પાત્ર દ્વારા આલેખન - ઈશ્વર પ્રત્યે એમને અપાર શ્રદ્ધા - મોહે લાગી લગન પંક્તિ પૂંજાને કોઈપણ ચીજવસ્તુનો મોહ ન હતો. એને કાંઈ જોઈતું હશે તો ચોક્કસ ઈશ્વર આપશે - પૂંજો અને તેના પત્ની બે જણ, કોઈ જંજાળ નહીં - વંશવેલાનો કોઈ વલોપાત નહીં - સાંજે છોકરાઓને ભેગા કરે વાર્તા સંભળાવે - કોઈની નિંદા નહિ - કૂથલીના અપલક્ષણને ધડમૂળથી દૂર કરવું - ભક્તિમાં અનેરો ભરોસો - બાઈબલમાં કહેલાં મર્મવચન પ્રમાણે વર્તવું - માંદાની માવજત કરે, મસાણ - તળાવની પડતર જમીનમાં છેંતાળીસ આંબા ઉછેર્યા - આંબાનો ઉછેર માતાપિતા પોતાના સંતાનનો ઉછેર જેવી રીતે કરે, એના કરતાં વધારે કાળજીપૂર્વક કર્યો - અંતિમ સમયે પોતાની પાસે રહેલા બધા જ પૈસા આપીને ઉછેરેલા આંબાની કાળજી રાખવાનું વચન લીધું. | **4 × 2 = 8** |

www.careerindia.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | (૩) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.<br>જ. સૉક્રેટિસ દુનિયાનો મહાન વિચારક અને બુદ્ધિશાળી - લોકોને સદાચાર તરફ વળવા સમજાવવા - લોકો સાથે અલકમલકની વાતો - લોકોને એની વાતોમાં રસ - મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટળાતા - સાચો ધર્મ સમજાવતો - આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી - સૉક્રેટિસ એવું માનતો હતો કે 'પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.' એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સૉક્રેટિસ ભળતો - તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચા - સ્વતંત્ર અને ઊંડો વિચારક - પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહેતો - તે હંમેશા નમ્રપણે કહેતો કે, 'હું અજ્ઞાની છું. જ્ઞાન મેળવવા મથુ છું. યુવાવર્ગ સૉક્રેટિસથી પ્રભાવિત - એનેટસ નામનો જુવાન છોકરો સૉક્રેટિસ સાથે બેસતો - સૉક્રેટિસ પર યુવાનોને ભડકવવાનો અને નગરદેવતાને ન માનવાનો આરોપ - તેના પર કેસ ચાલ્યો અને રાજદ્રોહના કાયદા હેઠળ સૉક્રેટિસને મોતની સજા.' | |
| | (ડ) | **પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર:**<br>(૧) વેનિસમાં કયા કયા રમણીય સ્થાનો છે ?<br>જ. ૧૧૪ ટાપુઓમાં વસેલી વેનિસ નગરી અત્યંત મોહક છે. વાહનવ્યવહાર તરીકે ગંડોલા મુખ્ય છે. ગંડોલાના નાવિકો અંતરને ઓગાળી દે એવું સંગીત વહાવે છે, જાણે વૃંદાવનમાં વાગતી વેણુનો નાદ. રાત્રે વિવિધ રંગોની લાઈટના પ્રકાશનું પ્રતિબિંબ ગ્રાન્ડ કેનાલને મુગ્ધ અને નયનરમ્ય બનાવે છે. વેનિસની કેટે શોભતી ઘુઘરિયાળા કંદોરા સમી આ કેનાલ રાત્રે સાતસરા હારની જેમ શોભી ઊઠે છે. તેની આ શોભા સાથે રેલાતા સંગીતના સૂરો ઈંદ્રલોકની યાદ આપે છે. પ્રભાતના સુવર્ણ કિરણોથી વેનિસ સુવર્ણનગરી જેવી ઝળહળી ઊઠે છે. સમુદ્ર પર રેલાતો સૂર્યપ્રકાશ, નાનામોટા મોજાઓ પરથી સરકતી હોડીઓ અને હવાની ગુલાબી તાજગી આંતરમનને તરોતાજા બનાવે છે. ગાઢ વૃક્ષો પર પડતા સૂર્યપ્રકાશની રોશની સુવર્ણરજ જેવી લાગે છે. આમ, સમુદ્ર પરની આહ્લાદક અને સ્ફૂર્તિદાયક સફર માર્કોપોલોનું સ્મરણ કરાવે છે.<br>(૨) બાલ્યકાળમાં સુખની શી કલ્પના લેખક કરે છે ?<br>જ. લેખક બાળપણમાં એવું માનતા હતા કે જો નિશાળ ન હોય તો બધા જ બાળકોના બાળપણનો કાળ સુખમાં ગયો હોત. રજાઓ ફરજિયાત અને શિક્ષણ મરજિયાત હોવું જોઈએ. બાળકોના મનમાં જાગતાં પ્રશ્નો જેવા કે નાળિયેરમાં મીઠું પાણી કોણ ભરે?, કેરી પીળી કઈ રીતે થાય? ગર ભરેલી આંબલી ઝાડ પર કેવી રીતે તૈયાર થાય ? જેવા પ્રશ્નોના ઉત્તર આપી શકે એવું શિક્ષણ હોવું જોઈએ. નાના બાળકો માટે છ રવિવાર અને ફક્ત એક જ સોમવાર હોય એવું અઠવાડિયું શરૂ કરવામાં આવે તો દરેક બાળકનું બાળપણ સુખમાં જ જાય. | **2 × 2 = 4** |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | (૩) શા કારણથી રાજીમાએ કાગળ લખવાનો નિર્ણય માંડી વાળ્યો ?<br>જ. એક વખત રાજીમા લેખક પાસે કાગળ લખાવવા ગયાં. ત્યારે લેખકે ઢોરાં વેચીને નિરાંતે રહેવાનું કહ્યું, ત્યારે રાજીમાએ આંસુથી ભીના થતાં શબ્દોમાં કહ્યું 'ઢોરને વેચું છું તો પારકા ખીલા તોડાવીને પાછા ઘેર આવી જાય છે. મૂંગા જીવોને એટલી લાગણી છે. પંડના છોકરાં તો વણવેચે વેચાઈ ગયા છે. એમ કહીને પત્તું ફાડીને કાગળ ન લખવાનો નિર્ણય કર્યો. | |
| ૫. | (અ) | **કાવ્યસમીક્ષા**<br>(૧) કવિયત્રી પોતાના મનનો વિરોધ ત્યજીને સર્વ સાથે સમાનભાવે વર્તવાનું કહે છે.<br>(૨) જગતનો વૈભવ મિથ્યા છે. આ મિથ્યા વૈભવને ત્યજવો, દુર્જનનો સંગ પણ ત્યજવો જોઈએ.<br>(૩) મનુષ્યે પોતે મેળવેલી સિદ્ધિઓને તરણાં સમાન ગણવી તેનું કદી અભિમાન ન કરવું.<br>(૪) આ કાવ્યમાં કવિયત્રી કહે છે કે ક્રોધ પર વિજય મેળવવાથી મનુષ્ય ધારે તે કરી શકે કોઈ તેને રોકી ન શકે. | **1 × 4 = 4** |
| | (બ) | **વિસ્તૃત ઉત્તર**<br>(૧) 'એક સરખા દિવસ સુખના કોઈના જતા નથી' કાવ્યમાં માનવીય પરિસ્થિતિ અને પરિવર્તન અંગે શો સંદેશ સમજાવ્યો છે ?<br>જ. 'એક સરખા દિવસ સુખના કોઈના જતા નથી' કાવ્ય કવિ પ્રભુલાલ દ્વિવેદી - માનવજીવનનું ચિંતન-શાણા લોકોએ કદી ધનવૈભવથી ન ફૂલાવું - નસીબના સાથની તમા ન રાખવી - 'જે ખીલે છે એ એક દિવસ અવશ્ય કરમાય - જેનું સર્જન તેનો અવશ્ય સંહાર - જે ચડે તે પડે એ પડે - કુદરતના ક્રમને કોઈ બદલી શકે નહીં - સનાતન સત્ય - સમય જેવું કોઈ બળવાન નથી - અર્જુન જેવા મહાન બાણાવળીને ધનુષબાણ હોવા છતાં કાબાએ લૂંટી લીધો - નસીબ જો સાથ ન આપે તો રાજા પણ પલવારમાં રંક બને - ધન, જન, સંપત્તિ કે સાહ્યબી સાથે ન આવે - ઈશ્વરના દરબારમાં ખાલી હાથે જ જવાનું - અભિમાન ત્યજવાનું અને દુષ્કર્મોથી ડરવાનું - મોતથી ડરવું નહીં - આપણું ધાર્યું ન થાય - ઈશ્વરનું જ ધાર્યું થાય - મુશ્કેલીમાં રહેલા માણસને કદી હેરાન ન કરવો - દાઝયા પર ડામ દેવાનું કામ તો દુર્જનનું - અહંકાર છોડીને ઈશ્વરની સર્વોપરિતા સ્વીકારીને અન્યને ઉપયોગી થવાનો બોધ.<br>(૨) 'આ રસ્તાઓ' કાવ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો.<br>જ. કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્' લિખિત 'આ રસ્તાઓ' કાવ્યમાં કવિની ભ્રમણપ્રીતિ - રસ્તા કવિને જરાપણ ઝંપવા દેતાં નથી - કવિની રસ્તાઓ વિશે ફરિયાદ - રસ્તાઓ કવિને અલગ અલગ દિશાઓમાંથી બોલાવે - ચાલવા માટે લોભાવે - સ્વપ્નમાં આવે-પૃથ્વીની આસપાસ ભરડો લે - વાંકાચૂંકા રસ્તાઓની અક્ષાંશ અને | **4 × 2 = 8** |

www.careerindia.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | રેખાંશની ઉપર નવી ગૂંથણી - કાવ્યમાં નવીનતા સર્જાય - કાવ્યમાં એક મજાની વાત - કવિની ભ્રમણ પ્રીતિને કારણે રસ્તાનો વધતો વ્યાપ - રસ્તા પૃથ્વીને ચાહવા - મૃત્યુ પછી પણ રસ્તાનું પ્રલોભન - કવિની અપેક્ષા ઘણાં રસ્તાઓ પર ન ચાલ્યા - તેના પર ચાલવાની ઝંખના - આમ, સમગ્ર કાવ્યમાં કવિની રસ્તાપ્રીતિ સ્પષ્ટ.<br>(૩) 'હંકારી જા' કાવ્યનો કેન્દ્રવર્તી ભાવ સ્પષ્ટ કરો.<br>જ. પ્રકૃતિ અને પરમતત્ત્વની આરાધના કેન્દ્રસ્થાને - સુંદરમ્ લિખિત 'હંકારી જા' કાવ્યમાં ઈશ્વર મનના માલિક અને તારણહાર - ભક્ત હૃદયની ઉત્સુકતા અને પ્રભુદર્શનની ઝંખના - જીવનનું સૂનાપણું દૂર કરીને જીવનરૂપી વીણાના બે સૂર વગાડી જવા વિનંતી - બે સૂર એટલે કે નામસ્મરણ અને પ્રભુભક્તિ - ઝંઝાના ઝાંઝર પહેરીને પ્રભુદર્શનની ઈચ્છા-અજ્ઞાનનો પડદો ઉપાડીને ઈશ્વરનો સાક્ષાત્કાર - જીવનની નિરસતા અને શુષ્કતાને દૂર કરી હૃદયની પ્રસન્નતા - રામદર્શનની ભૂખી શબરીના બોર આરોગી પ્રભુદર્શનની ઝંખના પૂર્ણ - એમ કવિની પણ - સંસારરૂપી સાગરને કિનારો નહિ પણ સમુદ્રના મોજાની સેર - પરમતત્ત્વની પ્રાપ્તિ - કાવ્યના અંતમાં કવિ ઈશ્વરને મનના માલિકને એમની જીવનરૂપી હોડીને ઈચ્છા અનુસાર હંકારીને પ્રભુ સમીપ લઈ જવા વિનંતી. | |
| | (ક) | **બે-ત્રણ વાક્યોમાં ઉત્તર:**<br>(૧) કોની સ્મૃતિથી કવિ વિહ્વળ બને છે ?શા માટે?<br>જ. કાલાગ્નિમાં વિલીન થયેલી તેમની માતાની સ્મૃતિમાં કવિ વિહ્વળ બને છે. કવિના વતનમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતા ખેતરો, ખંતીલા ખેડૂતોનાં મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિર પર લહેરાતી ભગવા રંગની ધજા, વહાલી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધુ જ છે પણ તેમની મમતામયી મા નથી તેથી કવિ ખૂબ જ દુ:ખી છે.<br>(૨) 'વીડી વાઢનારા' કાવ્યમાં નાયકનો સ્વાર્થ અને નાયિકાની નિ:સ્વાર્થ ભાવના વર્ણવો.<br>જ. 'વીડી વાઢનારા' લોકગીતમાં નાયકની સ્વાર્થપરાયણતા અને પત્નીની સ્ત્રી સહજ લાક્ષણિકતા બતાવીને સમાજમાં પુરુષ સમોવડિયણ તરીકે આલેખવામાં આવી છે. નાયક પોતાની પત્ની કરતાં કામ પણ ઓછું કરે છે અને તેને મદદ કરવાને બદલે પોતાનો ભારો લઈને પત્નીને એકલી મૂકીને જતો રહે છે. જ્યારે પત્ની પતિ કરતાં કામ પણ વધારે કરે છે. પતિને ભારો ચડાવવામાં મદદ કરે છે. ખેતરમાં એકલી હોવા છતાં હિંમત હાર્યા વિના વટેમાર્ગુની મદદ લઈને પોતાનો ભારો લઈને ઘેર આવે છે. | **2 × 4 = 8** |

www.careerindia.com

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | (૩) 'મેળો આપો તો' કાવ્યમાં કવિ શી અકળામણ અનુભવે છે?<br>જ. જીવનમાં આવતાં પડકારોનો સામનો કરવાની તાકાત જરા પણ નથી. પડકારો દરિયા જેટલા છે. જીવનમાં નિરાશાઓ છે છતાં મૃગજળ જેવી આશાઓ વધારે દુઃખી કરે છે. કવિને આજ સુધી સુખ મળ્યું જ નથી. તેથી જીવનના મધ્યાહ્નની વચ્ચે કવિને એકલતા અકળાવે છે.<br>(૪) વનરાઈમાં આગનું દૃશ્ય કેવું છે ?<br>જ. જંગલમાં આગ લાગી છે. આગની જ્વાળાઓ છેક આભ સુધી પહોંચી છે. પવનની દિશામાં આગ આગળ વધી રહી છે અને તે વડલાથી ઘણી નજીક પહોંચી ગઈ છે. એ જ્વાળાઓ થોડી જ ક્ષણોમાં વડલાને સ્પર્શી જશે આમ, આગનું દૃશ્ય ખૂબ ભયંકર છે. એ થોડા જ સમયમાં આખા જંગલને બાળીને ખાક કરી દેશે.<br>(૫) 'ટોળા વચ્ચે એકલતા' સમજ સ્પષ્ટ કરો.<br>જ. કેટલાક સંતો અને કવિને એકલતા ભરી ભરી લાગે છે. તેઓ માને છે કે મનુષ્યની શક્તિનો વિકાસ કરવાની તક એકલતામાંથી જ પ્રાપ્ત થાય છે. માણસ એકાંતમાં વધારે સારી રીતે વિચારી શકે છે. ઘણા વ્યક્તિઓ ટોળાની વચ્ચે પણ અલિપ્ત રહી શકે છે. કવિનું માનવું એવું છે કે જેને ખરા અર્થમાં કંઈક પામવાની તમન્ના છે, એ ટોળા વચ્ચે રહીને પણ સિદ્ધિ મેળવી શકે છે. | |
| ૬. | | **લેખક પરિચય**<br>પ્રસ્તાવના પ્રારંભિક પરિચય — ૨<br>શિક્ષણ - વિશિષ્ટ સિદ્ધિઓ — ૧<br>સાહિત્યક્ષેત્રે પ્રદાન — ૧<br>ઉપસંહાર — ૧ | **$5 \times 1 = 5$** |
| | | ******** | |

www.careerindia.com